# હદીસે નબવીમાં ઈખ્તેલાફાતની અસલીયત

"હદીસ" યાઅની વાતચીત કરવી યા કોઈથી સાંભળેલી વાતને દોહરાવવી. હદીસે નબવીની વાત આવે તો એનો મતલબ એવો થાય છે કે, તે કલામ કોઇ આમ શખ્સના નથી પણ હક્કના સાહબ, અલ્લાહના હબીબ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) એ ફરમાવેલા છે. જેને સાંભલનારે આપ નબી સાહબની હાઝરીમાં યા આપના ઈન્તેકાલ બાદ બીજાઓને આગલ હૂબહૂ, બિલા તબ્દીલ, હરફન-હરફન, લફઝન-લફઝન કોઈ જ કુસૂર બગૈર દોહરાવેલા છે. રસૂલુલ્લાહ બાવાજીની હાઝિરીમાં આપની ઝબાને પાકથી જે કલામ નીકલા તે આપના અસ્હાબે કિરામે સાંભલા અને એ જ અસલીયત પર તેને બીજાને આગલ દોહરાવા યા યાદ રાખા તે જ સાચી માઅનામાં સહીહ હદીસે નબવી છે. આપ (સ.અ.વ.વ.) ના આ દુનિયામાંથી પધારી જાવા બાદ એવા લોગો થયા જે આપના સાચા અસ્હાબ હોવાનો ખોખલો દાઅવો તો કરતા હતા પણ સાથે સાથે તેઓએ આપ સાહબ તરફથી જે સહીહ વાતો ઉમ્મતના લોગો તક પહોંચાડવાની હતી તેમાં પોતાની મનમાની કરી તબ્દીલો તેહરીફ કરીને ખોટી-ગલત વાતો પહોંચાડીને લોગોને ઉલ્ઝનના દલદલમાં નાંખી દીધા. લેહાઝા ઉમ્મતમાં ગુમ્રાહી, બિદઅત, શરીઅતમાં મનમાની, કિયાસ, ખુદની રાય મુતાબિક અમલ કરવાની શયતાની આદત શુરૂ થઈ. જો ઉમ્મતના લોગોએ આપ નબીએ આઅઝમના અહલુલ બૈત (અ.સ.) થી આપની હદીસે શરીફ અને સુન્નતોનું ઈલ્મ લીધું હોત તો રાહેં રાસ્ત, સિરાતે હક્ક, સાચો તરીકો મીલેત પણ અફસોસ સદ અફસોસ ! ઘરના લોગો જ જાણે કે ઘરમાં શું છે..... પારકાને શું ખબર કે ઘરમાં શુ છે ? મૌ.અલી, ફાતેમા, હસન, હુસૈન અને આપની ઔલાદે અત્હર સલવાતુલ્લાહે અલયહિમને જ ખબર હોય કે પોતાના બાવાજીના દિન-રાત કેમ ગુઝરા છે.

આ દૌરૂસ્સતરમાં સાચા આલિમની કોઈ કદરદાની કરતું નથી અને હમેશા હક્કના આલિમ મઝલૂમ અને લાચાર રહે છે. લોગો તે આલિમોના દરજાને પહેચાનવા છતા તેમને ઈઝા અને તકલીફ પહોંચાડે છે. હવે રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ની આઁખ બંધ થાવાની વાર હતી કે ઉમ્મતના લોગોએ પોતાના ઈખ્તિયારમાં લઈ લીધું કે, આપ પછી આપની જગા પર કોણ કાઈમ થાય ! શું રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તમામ શરીઅતને લોગો તરફ પહોંચાવે અને આપના કાઈમ મકામ મુકર્રર ન કરી જાય? શું આમ બને.....હરગિઝ નહી ! જેહાલતમાં અને ગફલતની નિંદમાં પડીને ઉમ્મતના લોગોએ હક્કના અઈમ્મતે તાહેરીન (અ.સ.) ને છોડીને એવા જાહિલો અને અહમકોને પોતાના મનફાવતા પેશવાઓ બનાવી લીધા કે જેઓને પાસે ઈસ્લામી શરીઅત અને હલાલો હરામનું ઝર્રા બરાબર પણ ઈલ્મ નહોતું. જેમ આગલા અંબિયા (અ.સ.) ના વકતમાં તેમની દાઅવતને કુબૂલ ન કરનારાઓ મુદ્દઈઓ અને શયતાનોને તાબેઅ થયા તેમ નબીયુલ્લાહ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) એ ઉમ્મતીઓને મુખાતિબ થઈને ફરમાવું કે, "તમેં ઝરૂર પહેલાના ઝમાનના લોગોની નકલ કરશો, એ હદ તક કે જો તે ભમરીના દરમાં દાખિલ થયા હશે તો તમેં પણ એમાં દાખિલ થાશો."

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, મારી ઉમ્મત ૭૩ ફિરકાઓમાં તકસીમ થાશે જેમાંથી એક ફિરકો જેની ગિન્તી ઓછી હશે અને હક્ક પર હશે તે જ નજાત પામનારો હશે; દીગર તમામ ફિરકાઓ ગુમ્રાહીની હાલતમાં ફસાશે. જે લોગો રસૂલુલ્લાહ બાવાજીના કાઈમ મકામ મૌલાના અલી (અ.સ.) અને આપની ઔલાદમાંથી અઈમ્મતે તાહેરીનની વલાયતો ઉલ્ફતને કુબૂલ કીધી એનું જ ઈમાન અસ્લી હાલતમાં છે અને એ લોગો જ નજાત હાસિલ કરનાર છે. આપે એમ પણ ફરમાવું કે, "તે જ જમાઅતના લોગોથી હું ખુશ છું જેઓએ મારી હર સુન્નત ઉપર અમલ કીધો અને મારી ઈત્તેબાઅ કીધી, ભલેને તાઅદાદમાં તેઓ કલીલ-થોડા હોય." આપે આ કલામ પણ ફરમાવેલા છે કે, મારા અસ્હાબ સિતોરાઓની મિસિલ છે, જે કોઈ એમને સરદાર બનાવે તો એમનાથી હિદાયત પામે. આપે જૂઠી હદીસો ઘડનાર અને આપ (સ.અ.વ.વ.) ના નામથી ખોટી વાતો કરનાર વાસ્તે સાફ-સાફ લફઝોમાં ફરમાવી દીધું કે, જે કોઈ જાણી જોઈને મારા તરફથી જૂઠી વાતોને કહેશે અને બેબુનિયાદ-લગ્વ વાતને મારા નામ સાથે જોડી દેશે તો તે પોતાની બેઠકને જહન્નમમાં બનાવી લેશે. આપે એક ઘણી જ અહમ અને નાકાબિલે ફરામોશ વાત ફરમાવેલી છે કે, "અય ઉમ્મતના લોગો, હું તમારે દરમિયાન બે ભારી-નફીસ ચીઝોને મુકી જાઉં છું, જે અલ્લાહના કિતાબ અને મારા અહલુલ બૈત (અ.સ.) છે; જો તમેં આ બેવેને બરાબર પકડી રાખશો તો મારા બાદ હરગિઝ ગુમ્રાહ નહીં થાવ, આ બેવે જહાઁ તક મને હૌઝે કૌસર પર નહીં મીલે ત્યાં તક હરગિઝ જૂદા નહીં થાય."

આ હદીસે નબવી અપની દાઅવતે શરીફાહની તમામ નાની-મોટી કિતાબોમાં મુખ્તલિફ મૌઝૂઅના હિસાબે મૌજૂદ છે જેને દોઆતોએ બયાનના મફહૂમને વધારે વાઝેહ અને સાફ કરવા ઈસ્તેમાલ કીધેલી છે. આ અહાદીસને જો એક જગા જમા કરવામાં આવે તો એક જામેઅ અને ભારી કિતાબને તરતીબ આપી શકાય છે. ફિલહાલ "કિતાબુશ શિહાબિન નબવી" નામની કિતાબ દાઅવતે શરીફાહના ખઝાનામાં મૌજૂદ છે જેમાં ૧૨૦૦ જેટલી મુસ્તનદ હદીસો જમાઅ કરવામાં આવી છે. આ અહાદીસની સચ્ચાઈનો ખુલાસો એ જ નીકલે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ અસ્હાબ તે એક વજેહમાં આપના અહલુલ બૈત (અ.સ.) અને અઈમ્મતે આલે મોહંમદ (સ.અ.) છે, જેઓને રસૂલુલ્લાહ બાવાજીના કલેમાતે શરીફાહનું ઈલ્મ વિરાસતમાં મીલું, તેમના દિલો દિમાગમાં તેનો ઝખીરો હતો, તેમની ઝબાન ગોયા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ખુદની ઝબાન હતી, તેઓ ઈમામુલ હક્ક હોવાના સબબ માઅસૂમ હતા, તેમને નબીયુલ્લાહનાં અકવાલ (કલામો) તેમજ અફઆલ (અમલ) ને એક ઈમામ પછી બીજા ઈમામ એમ સીના-દર-સીના નકલ કીધા યહાઁ તક કે દોઆતુલ મુત્લકીનના સીનામાં ઈમામુઝઝમાન (અ.સ.) ની તાઈદ અને અહલુલ બૈત (અ.સ.) ના ઊલૂમની તાઅલીમથી આજ તક અહાદીસે નબવીની નેઅમત એની અસલ સૂરતમાં બાકી છે, ઝિંદા છે. લેહાઝા આ ઈલ્મ અને નૂર અઈમ્મત અને દોઆતમાં ખુદ રસૂલુલ્લાહ બાવાજીથી નસ-બ-નસ નકલ થયેલું છે. કોઈ પણ ઈમામ યા દાઈ પોતાના ઝમાનમાં જે ચીઝ ઝબાનથી ફરમાવે તે ઐન લફઝન-લફઝન, હરફન-હરફન, અસલન-અસલન, હક્કન-હક્કન નબીયુલ્લાહ ખત્મુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ના જ કલામ હોય છે. જે કમનસીબ લોગોને હક્કના ઈમામોની ઈમામત ન મીલી તેમને નબીયુલ્લાહના સાચા કલામ કહાઁથી મીલી શકે ? તેમના આઅમાલની બુનિયાદ તો એવા બનાવટી કલામ પર છે જે કલામને કહેનારા, ઈમામે આલે મોહંમદ (અ.સ.) ના અદૂવુમ મુબીન હતા, ખુલ્લમ ખુલ્લા દુશ્મનો હતા અને મનમાની કરીને શરીઅતમાં ફેરબદલ કરનારા હતા.

અહલુલ બૈત (અ.સ.) એ કુરઆને કરીમની બાહરી (ઝાહિરી) અને અંદરૂની (બાતિની) હકીકતો, તફસીર, માઅના અને તાવીલ, રસૂલુલ્લાહ બાવાજીના કલામ મુબારક અને સુન્નતે ખાસ્સાથી પોતાના વકતે ઈમામતના શીઆઓની જમાઅતમાં સમઝાવી, પઢાવી, લોગોને તેનાથી આગાહ કીધા અને ગૈર શરીઅતી આઅમાલથી પાકો સાફ કીધા. અપના ઈસ્માઈલી તૈયેબી અકીદામાં ઝમાનાના ઈમામ જ પોતાના આબાઓ અજદાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની અહાદીસને નકલ કરનારા અને બયાન કરનારા છે. **હરએક ઝમાનાના દાઅવતે ઇલાહીયાહના સાહબે હક્કને ઇલાહી તાઇદથી તમામ ઇલ્મ હાસિલ હોય છે**, આપનો હર કૌલો અમલ બિત્તમામ રસૂલુલ્લાહ બાવાજીના કૌલો અમલ જ હોય છે, એમાં ઝર્રા બરાબર ઈખ્તેલાફની ગુંજાઈશ હોતી નથી. તેથી કઈ હદીસ "સહીહ" કહેવાય, કઈ "ઝઈફ" કહેવાય યા કઈ "ગલત" કહેવાય એનો

સવાલ જ ઊભો થાતો નથી. જે પણ કઇ ઈમામ પોતાના અકીદતમંદોને નઝદીક બયાન કરે યા ઈલ્મને પઢાવે તો તે સૌ ફીસદ સહીહ હોય છે કેમકે કૌલે ઈમામ તે કૌલે નબી (સ.અ.વ.વ.) હોય છે જેને કોઇ ચેલેન્જ કરી શકતું નથી.

આજના દૌરમાં દીને ઈસ્લામમાં બેશુમાર મસલકો અને અલગ-અલગ ફિક્રો ખયાલના ગિરોહ થઇ ગયા છે. આમાં કોઇ હદીસવાલાઓનો ગિરોહ પણ શામિલ છે. શું તેઓને કોઇ પૂછે કે, આજે તેઓ પોતાને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સાચી હદીસોમાં માનનારા છે એમ કહે છે, તો ૧૪૦૦ વરસથી તેઓ ક્યાં હતા? કઇ હદીસોને માની અમલ કરતા હતા? કૌન તેમના પૈશવાઓ હતા? કયા આલિમોની કિતાબોને માનતા હતા? શું સેંકડો વરસ બાદ તેઓમાંથી કોઇ ગુમ્રાહઅહમકને રાહ મીલી કે હવે સાચી હદીસો પર ચાલવાની તેને સમઝ પડી, જે હદીસોને ૧૪૦૦ વરસ દૌરાન કોઇ આલિમે પઢી જ ન હોય !! આ તો સરાસર મઝહકાખેઝ-બેવકૂફી ભરી દલીલ છે અને સરેઆમ ગુમ્રાહી છે. બાઝ લોગો તો એવા પણ છે, જે બીજી હિજરી સદીના આલિમોની "સહીહ હદીસ" ની કિતાબોના હવાલા આપે છે, તો સવાલ એ ઊભો થાય છે કે એ ઝમાનમાં શું "ગલત હદીસ" ની કિતાબ પણ હશે ? **ઇમામે આલે મોહંમદ (સ.અ.) સિવાય શું આવા આલિમોને હક્ક ખરો કે એમ કહે કે, કઇ હદીસ "સહીહ" યા કઇ "ગલત"** ! આ આલિમો, જેઓને લોગો આજ ઈમામ કહે છે અને ખુદની અલગ સોચ-તસવ્વુરના સબબ તેઓ ચંદ ગુમ્રાહ લોગો પર તેમના ઝમાનામાં સરદારી કરતા હતા, તેઓને પાઁચમાં ઈમામે આલે અત્હર મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી ઈલ્મ હાસિલ કરવાનો શરફ મીલો હતો, પણ ઉસ્તાઝની નસીહત-હિદાયત-તરબીયતને પીઠને પાછલ નાખીને ઈમામે હક્ક-ઉસ્તાઝથી સાંભલેલી હદીસોને તોડી-મરોડીને લોગોને પૈશ કીધી. એવા કલામ જે નબીયુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવા જ ન હતા તેને નઊઝોબિલ્લાહ "સહીહ" નામ આપી દીધું. જો તેઓએ બાતિની કુરઆની ઈલ્મના સરતાજ અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) નું દામન પકડી રાખું હોત, આપ મૌલાને નબીયુલ્લાહ (સ.અ.વ.વ.) ના કાઈમ મકામ સરે તસ્લીમ કીધા હોત તો આપની આલે મોતહહરના હર ઝમાનાના ઈમામથી જ તે લોગોને રાહનુમાઈ મીલી ગઇ હોત, સિરાતે મુસ્તકીમ પર ગામઝન થયા હોત અને "સહીહ" યા "ગલત" હદીસોના ચક્કરમાં ન પડેત.

યહાઁ એક તારીખી હકીકતને વાઝેહ કરવી ઝરૂરી છે કે, ઉમ્મતે ઈસ્લામમાં બીજી સદી હિજરીના આખિરમાં ઝાહિરી લોગોના જે ચાર ફિરકાઓ પડા તે એવા અરસામાં થયા કે બનુ ફાતેમાના અઈમ્મતે મસ્તૂરીન (અ.સ.) નો સિલસિલો જારી હતો અને તેઓ અહલે ઈસ્લામ ના હાલાતથી ખબરદાર હતા, વાકિફ હતા, ભલેને ઈસ્તેતાર (પડદા) માં હતા ! આ અઈમ્મતુલ હોદાએ પડદામાં રહીને દોઆતોના ઝરીએ આલે મોહંમદ (સ.અ.વ.વ.) ના ઊલૂમને નશર-ઝાહિર કરવાની શરૂઆત કરી દીધી હતી અને આ જ નાઝુક અરસામાં ઝાહિરી લોગોના અલગ-અલગ ગિરોહએ મનફાવતી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસોને "સહીહ" નામ આપી કિતાબો લખા હતા. આ કિતાબોની તરદીદ કરવા અને શરીઅતના સહીહ અહકામને મન્ઝરે આમ પર લાવવા **નવમાં ફાતેમી ઇમામે આલે મોહંમદ (સ.અ.) મૌલાના અહમદિલ મસ્તૂર પર (બાવન) રિસાલા તસ્નીફ ફરમાવા** અને લોગો સાચી ચીઝ જાણે તે વાસ્તે આપ મૌલાના હુકમથી દોઆતોએ ઈસ્લામી મમ્લેકતની તમામ મસજિદોમાં આ રિસાલાઓને લટકાવા જેથી લોગોને થાય કે ઈમામે હક્ક, અહલુલ બૈત (અ.સ.) ના ઈલ્મને નશર કરનાર હજી આ ઝમીન પર બાકી છે.

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નબવી કલામ અને મૌલાના અલી (અ.સ.) ના અલવી કલામ, ખાલિકે કાએનાતના કલામથી નીચે અને મખ્લૂકના કલામથી ઉપર છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના ખુત્બાઓ, રિસાલાઓ, કાગઝો અને કલામોથી કલામુલ્લાહની તશરીહ, સમઝ અને તફસીર થાય છે. સૈયેદ શરીફ રઝીએ એના ઝમાનાની સેંકડો મુસ્તનદ કિતાબોમાંથી અલવી કલેમાત અને ખુત્બાઓ ચૂની ચૂનીને એક જગા જમા કીધા અને એમને તે કિતાબનું નામ "**નહજુલ બલાગાહ**" આપું. આ કિતાબની ઝિક્ર અપના દોઆતોએ પોતાની કિતાબોમાં કીધેલી છે અને તેમાંથી ચંદ કલેમાતને પણ હસ્બે ઝરૂરત દરજ કીધેલા છે. **રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નબવી કલામ અને મૌલાના અલી (અ.સ.) ના અલવી કલામ, ખાલિકે કાએનાતના કલામથી નીચે અને મખ્લૂકના કલામથી ઉપર છે.** હમારે વાસ્તે ફખરો નાઝનો સબબ એ છે કે, શીઆ આલિમ સૈયેદ શરીફ રઝીના આ મજમૂઆ તૈયાર થયા એના ૪૦ વરસ પહેલા ઈમામ મોઇઝ (અ.સ.) ના ચીફ જસ્ટીસ દાઈયુલ બલાગ સૈયેદના કાઝી નોઅમાન બિન મોહંમદ (ક.રૂ.) એ આપની કિતાબ "**દઆઇમુલ ઇસ્લામ**" અને "**કિતાબુત્તૌહીદ**" માં અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના તૌહીદે ઈલાહી વાસ્તે એ ખુત્બાઓ બયાન ફરમાવેલા છે જે આપ પહેલા કોઇ આલિમે દરજ યા નકલ કીધા ન હતા. ફાતેમી દાઅવતની ઈલ્મી શાનાતની આ એક ઝિંદા મિસાલ છે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના કલામે શરીફ હમારે વાસ્તે ગૌહર-મોતી-દુરની મુજબ છે. આ લાકીમત નબવી સરમાયો અને ખઝાનો આપ (સ.અ.વ.વ.) ના બાદ મૌલાના અલી (અ.સ.) અને આપની આલે અત્હરના અઈમ્મતે માઅસૂમીને (સ.અ.) સાચવેલો છે અને તેની લાઝવાલ બરકતથી મુમેનીનના કલ્બો ઝમીરને માલામાલ કીધેલા છે. આ નબવી કલેમાતની બદૌલત હમેં હમારા ઈમામો અને દોઆતના ઝરીએ નૂરને, રહેમતને, હિદાયતને અને આખિરકાર નજાતને પામી શકીએ છીએ.

હવે જે કાઝિબ અને મક્કાર લોગોએ આ નબવી કલેમાતના ખઝાનામાંથી ચોરી કીધી, ખયાનત કીધી, જે લોગોનો હક્ક નહોતો તે છતા હક્ક હોવાનો ખોટો દાવો કીધો અને આ ખઝાનાના સાચા મુહાફિઝ-રખેવાલને સામે ગદ્દારીનો ઝંડો નીકાલો, એ તમામ કાઝિબોના ચોરેલા મોતી અને બનાવટી મોતીથી ફાયદો ઉઠાવનાર બધા એ કાઝિબોના ફરૈબમાં આવી ગયા અને સાચા મોતીને ખોટા કહેવા લાગા અને ખોટા મોતીને સાચા માનવા લાગા. તો સાબિત થયું કે, આ કીમતી ખઝાનાના હકીકી વારિસદારો સાથે મકરબાઝી દગો કરીને, ચોરી કરીને, આ કાઝિબ ચોરોએ બીજા લાઈલ્મ જાહિલ લોગોને છેતરી નાંખા અને એવી રાહે ગુમનામ પર લઇ ગયા જ્યાંથી પલટવું, સાચી ચીઝ તરફ ફીરવું અને હકીકતને પરખવી નામુમ્કિન થઇ ગયું.

હમેં આ મોડ ઉપર એક એવી ઈબરતનાક હિકાયત-કહાની બયાન કરીએ છીએ કે, કારેઈનને નઝદીક હમારી આ બહેસ સાબિત અને ચોખી થઇ જાય. પહેલેના ઝમાનમાં એક નૈક અખ્લાક મરદ હતા. તેમના પાસે તરહ-તરહના જવાહિર હતા. લાલ ગંદફ, મરજાન, લુઅલુઅ, યાકૂત, ઝમર્રૂદ જેવા નફીસ જવાહિર હતા. એ જવાહિરમાં ફાયદા ઘણાં હતા કે લોગોમાં આંધલા, બહેરા, ગૂંગા, ઘેલા હોય એને ફાયદો કરતા હતા. બિલ્કુલ બિમારીને દૂર કરી દેતા હતા અને એ જ મુજબ એ મરદ પણ સખી અને કરીમ હતા. જે લોગો રૂહાની અને જિસ્માની બિમારીવાલા આવે એને એ જવાહિર માંથી આપે કે ફૌરન શિફા થાય. એમાં એ મરદ કોઇ બદલો કે મુઆવેઝો લેતા ન હતા કે દુનિયાની કોઇ લાલચ પણ ન હતી. ફક્ત કરામત, ફઝલ અને જૌહરનો ફાયદો લોગોમાં ઝાહિર થાય, એના સિવાય કોઇ બીજો ઈરાદો ન્હોતો.

હવે જે વક્ત આ મરદના જવાહિરની શિફાની વાત લોગોની ઝબાન પર ચર્ચાનો સબબ બની તો ચંદ બદખયાલ, નિફાકવાલા ખરાબ લોગોને પણ આની ખબર પડી, તો એ લોગો ને હસદ-અદેખાય-કીનો પૈદા થયો અને એ જવાહિરને એ મરદ પાસેથી નીકાલવાની નાપાક તદબીર

કીધી. એ સઘલા મરદને નઝદીક આવા અને નરમાઈનો દેખાવ કીધો અને તેઓ બોલા કે, હમેં દૂર દૂર શહેરોથી આ તમારા જવાહિરની સિફતો સના સાંભલી તમારાથી શિફાની ઉમ્મીદ લઈ સાથે આવેલા છે અને હમારા શહેરોમાં પણ ઘણા લોગો બિમારીના શિકાર છે, એમને પણ શિફાની બેહદ ઝરૂર છે. હમારા સાથે એ લોગોની પણ ફરમાઈશ છે, તે વાસ્તે અગર તમેં હમારા ઉપર ભરોસો કરી એ જવાહિર માંથી ચંદ ચીઝો હમને આપશો તો તમેં જે મિસિલ હમને હિદાયત આપશો તમે હમેં એ જૌહરને વાપરીશું અને એ બધા બિમારોને ફાયદો થાશે. તમારા હક્કમાં ઘણી દોઆઓ ગુઝારશે અને આ વાસ્તે તમને હમારાથી જે વાઅદો-અહેદ-વચન જોઈતું હોય તે લઈ લો, હમેં હાઝિર છે.

એ મરદે પેલા બનાવટી લોગોના કૌલ અને ઈલ્તેજા ઉપર ભરોસો કરીને કસમ અપાવીને ચંદ જૌહર બખ્શા અને હુકમ કીધો કે, તમેં એ જૌહરને એના હક્ક મુજબ સાચા-સહી તૌર પર ઈસ્તેમાલ કરજો અને હક્કદાર લોગોને આપજો અને તમેં પણ નિય્યતને સાફ રાખજો. લાલચ, બનાવટ કે હિર્સ હરગિઝ ન કરજો. તે બાદ એ લોગોએ જૌહરને લીધા અને ઝમીનમાં છૂટા પડી ગયા. તે લોગોએ પેલા મરદની વાત માની નહીં અને એ જૌહરનો ગૈર ઈસ્તેમાલ કીધો અને તે સબબ દુનિયા અને શોહરત તલબ કીધી અને લોગોને જૂઠી-બનાવટી વાતો કરીને શિફાના નામ પર છેતરા.

યહાં એ મરદે કેટલાક અમીનો, નૈક કિરદાર લોગોને તલબ કીધા અને પોતાના જવાહિરના ખઝાનાઓ ઉપર હુફ્ફાઝ (હિફાઝત કરનાર) બનાવા અને ખઝાનાની તમામ ઝિમ્મેદારી સોંપી અને ફરમાવું કે, “અય મારા ભાઈઓ, કેટલાક દગલબાઝ, ધોકેબાઝ, ફરૈબી લોગો મારા પાસે આવા હતા. એના હાથમાં મારા જવાહિર માંથી ચંદ જૌહર ચાલા ગયા છે અને એમના ફસાદદાર ખયાલોના સબબ મારી અમાનતમાં ખયાનત કરીને તેઓ એ જૌહરના ફાયદાથી દુનિયા ખાઈ રહ્યા છે અને જૌહરને ગૈર હક્કદાર બેવકૂફ લોગોને આપે છે, જે જાનવરો યા પુતલા-બુતોની જેમ છે, જેઓને મારા એ જૌહરથી કોઈ શિફા હાસિલ થાય એમ નથી. એમાં કેટલાક તો એ જૌહરના ફઝલ અને કરામતથી બોલે છે અને તેથી લોગોમાં ખોટી છાપ પાડી ઢોંગ કરી તેમની અકલ પર પડદા પાડી દીધા છે. તે વાસ્તે અય મારા અમીનો, તમેં ત્યાં જાવ, હું તમને જે મુજબ કહું અને સમઝાવું તેમ જ તમેં કરજો, તાકે એ જૌહર તમારા હાથ લાગે. એ જૌહરને કોઈ પણ તદબીરથી છોડાવી લાવો.

ફરમાન મુજબ એ સઘલા અમીનો જવાહિર માંથી થોડા જૌહર લઈને ઝમીનમાં છૂટા પડા, કે જે જૌહર ખોટા લોગોના હાથમાં ચાલા ગયા હતા તે પાછા લઈ આવે. હવે તે બદ લોગોએ એવી ચાલાકી કીધી કે, જે થોડા જૌહર એમને પાસે હતા તેના જેવા જ બીજા કાઁચ અને પત્થરના જૌહર બનાવા અને સાચા જૌહરના નામથી લોગોને આપા અને જાહિલો તે સાચા સમઝીને લઈ ગયા. અગર તેનાથી ફાયદો ન થાય તો એમ કહે કે તમારી નિય્યત બરાબર નહી હોય આમ આ મક્કારો જુદા જુદા શહેરોમાં મોટા વેપારી, બનાવટી ઈમામો અને દૌલતમંદ સરદારોના નામથી ઓલખાવા લાગા અને અવામના માલ-પૈસાથી એ જૌહરના સબબ ખૂબ છાકવા લાગા અને ઐશો આરામમાં વાકેઅ થઈ ગયા.

હવે જે વકત એ અમીન ભલા લોગો જુદા જુદા શહેરોમાં અને ગામડાઓમાં ગયા અને લોગોને બિમારીઓથી શિફા થાય તે વાસ્તે દાઅવત આપી અને સાચા જૌહરને બતાવા તો શું જોઈ છે કે, કોઈ શખ્સ એવો ન હતો જેના પાસે તે મક્કારોથી હાસિલ કીધેલા ખોટા-બનાવટી જૌહર ન હોય. તે સબબ લોગો એ અમીનોથી દૂર રહેવા લાગા અને સાચા જૌહરની માઅરેફતનો ઈન્કાર કરવા લાગા. એમાં કેટલાક તો એવા હતા કે, પોતે એ જૌહરના બનાવટી હોવાને જાણી ચુકા હતા અને એ ખૌફમાં હતા કે આ અમીનો પણ પેલા મક્કારોની જેમ જ છે, જે પહેલા તેઓને છેતરી ગયા હતા. ઘણી દલીલો બાદ એ અમીનોએ લોગોને સમઝાવા કે, હમેં તે ચોરાયેલા જૌહરની તલાશમાં આવા છે અને એ મક્કારોએ તેમાં કાઁચ અને પત્થરના ખોટા જૌહરને મીલાવીને તમને છેતરેલા છે. આવો, હમેં ખરા-ખોટાનો મુકાબલો કરવા તૈયાર છીએ અને હમેં એ જ સાફ કરવા આવા છીએ. જે તરહ તમને આઝમાવવા હોય એમ આઝમાવી જુઓ, હમેં તૈયાર છીએ.

અમીનોની વાતો સાંભલીને લોગો મોતઅસ્સિર થયા અને તેમની આસપાસ જમાઅ થાવા લાગા. આ ખબર પેલા જૂઠા-મક્કારોને થઈ અને તેઓ એડી-ચોટીનું ઝોર લગાવીને લોગોને પાછા બહેકાવવા લાગા કે, “અસલી જૌહર તો હમારે પાસે જ છે, આ લોગો ખોટો દાવો કરે છે, ફક્ત તમને છેતરવા આવા છે.” એમ કહીને તેઓ પાસે જે થોડા અસલી ચોરેલા જૌહર હતા તેનાથી લોગોમાં કરામત અને જાદુ કરવા લાગા કે લોગો પાછા છેતરાય જાય અને તેમનો દબદબો બરકરાર રહે. હવે એ અમીન લોગોએ જોયું કે, તે મક્કારો આ મુજબ લોગોને ફરૈબમાં નાંખે છે તો તેમને પાસે જે સાફ અસલી જૌહર હતા તેને નીકાલા અને તે મક્કારોના જૌહરને નઝદીક મુકા. આ અસલી જૌહરનો તેજ અને નૂર એ મુજબ હતું કે બનાવટી જૌહર ફીકા પડી ગયા અને જે સાચા જૌહર હતા તે ચમકપહાણ પત્થર (લોહચુંબક) ના નઝદીક લોખંડ જેવું ખેંચાઈને આવી જાય છે, તેમ અસલી જૌહર સાથે એ સાચા જૌહર આવીને મીલી ગયા અને બીજી બાઝુ ફક્ત કાઁચ અને પત્થરના નકલી જૌહર રહી ગયા.

જે વકત આ હકીકત લોગોની આઁખોના સામે ઝાહિર થઈ તો એ દગલબાઝ મક્કારોનો મકર બાહર આવો તો લોગોએ એ મક્કારો સાથે તમામ રિશ્તા તોડી નાંખા અને સાચા અમીન લોગોની સોહબતમાં આવી ગયા. આ અજબ વાકેઆથી લોગો ખુશ થયા અને સાફ જૌહરનું નૂર, સફાઈ અને તેજ અને એની કરિશ્માઈ જોઈને લોગોના દિલોમાં સુકૂન થયું.

તો અય મુમેનીન, આ જવાહિરના ખઝાનાના માલિક હમારા રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) છે અને આ જવાહિર આપના બેનમૂન-નાદિર-નફીસ-મુફીદ કલેમાતે તૈયેબાહ છે અને હિકમતની વાતો છે. અમીન લોગો એ આપની દાઅવતના હકીકી નિગેહબાન હક્કના ઈમામો અને દોઆતો છે. ખયાનત કરનાર મક્કાર લોગો એ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના પાકીઝા કલેમાતને ચોરનોર, હક્કના સાહેબોનો ઈન્કાર કરનાર અને સાચા કલેમાતને બીજા જૂઠા કલામો સાથે ભેલસેલ કરીને પોતાના મતલબ-ગરઝ મુજબ બદલી-ફીરાવી દેનાર છે જેઓ લોગોને અમીન સાહબો ખિલાફ ભડકાવે છે અને સચ્ચાઈથી ભટકાવે છે. દાઈયુલ્લાહ સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) આ દાઅવતે ઈલાહીયાહના અમીન છે અને લોગોને હર વકત હમારા પ્યારા નબી (સ.અ.વ.વ.) ના બેનઝીર કલેમાતના જવાહિરના નૂરની બરકતથી નવાઝે છે. અલ્લાહતઆલા એની દાઅવતના સાયામાં મુમેનીનની આ જમાઅતને આબાદ-શાદ રાખે. આમીન...

અહાદીસે નબવીના સિલસિલામાં ઉમ્મતના કયા કયા તબકાના લોગોએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હાઝરીમાં યા આપની દુનિયાથી રેહલતે શરીફાહ બાદ શું કિરદાર અદા કીધો અને અહાદીસની અસ્લીયતને કઈ તરહ મીટાવી દીધી તેનું તફસીલવાર બયાન અમીરૂલ મુમેનીન અલીયુલ મુરતઝા (અ.સ.) એ આપના એક ખુત્બામાં કીધેલું છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયતોને બયાન કરનાર સલીમ બિન કૈસ અલ-હિલાલીએ આપ મૌલાને સવાલ કીધો કે, બિદઅતી હદીસો અને નબીએ કરીમ (સ.અ.વ.વ.) થી રિવાયત કરવામાં આવેલી ખબરોમાં લોગો ઈખ્તેલાફ કેમ કરે છે? આપ મૌલા (અ.સ.) એ ફરમાવું કે, લોગોના હાથમાં હક્ક-બાતિલના રસ્તાને પસંદ કરવું, સાચું-જૂઠું બોલવું, હલાલ-હરામનું કરવું, હુકમવાલી-મિસાલોવાલી આયતોનું સમઝવું, સહી-ગલત સોચવું તમામ ઈખ્તેયારાત છે. લેહાઝા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર આપની હયાતીમાં જૂઠ-ઈલ્ઝામ-બોહતાન લગાવવામાં આવું, યહાઁ તક કે આપ નબીએ ઊભા થઈને ખુત્બામાં ફરમાવું કે, **" જે શખ્સ જાણી જોઇને મારા ઉપર જૂઠ-બનાવટ કરશે તો એ ખુદનું ઠીકાનું**

જહન્નમ બનાવી લેશે. "

**" જે શખ્સ જાણી જોઈને મારા ઉપર જૂઠ-બનાવટ કરશે તો એ ખુદનું ઠીકાનું જહન્નમ બનાવી લેશે. "**

હદીસ બયાન કરનારાઓની ફક્ત ચાર કિસ્મ હોય છે અને પાઁચમી નહીં. (૧) તે મુનાફિક જે ઈમાન લાવવાનો ખોટા મુઝાહેરો કરે, મુસલમાન હોવાની બનાવટ કરે, ગુનાહ કરવાથી એને ઝીઝક હોય ન હરામકારી પર સવાર થાવાથી શરમ હોય. મોતઅમ્મેદન-જાણી જોઈને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પર જૂઠ-લગ્વ-બનાવટ કરે, એવી વાત નબીએ પાક (સ.અ.વ.વ.) ના નામથી જોડી દે જે વાત આપ નબીને ફરમાવી જ ન હોય. જો લોગોમાં ખબર પડી જાય કે એ મુનાફિક છે, જૂઠો-કાઝિબ છે તો એની વાત કોઈ સાચી માને નહીં. લેકિન લોગો કહે છે કે, એ તો નબીએ પાક (સ.અ.વ.વ.) નો સહાબી છે, આપને ખુદની નઝરથી જોયા છે, આપને ખુદના કાનોથી સાંભલા છે અને ઈલ્મ પણ આપથી જ હાસિલ કીધું છે, તો લોગો એના કૌલને બિલા શક, બિલા તફતીશ કુબૂલ કરી લે છે. મગર અલ્લાહતઆલા ખૈરના લોગોને આવા કપટી-ઢોંગી-દગલબાઝોથી આગાહ કરી દે છે કે, આવા મુનાફેકીન દિલના કાલા, નઝરના ખરાબ અને ઝબાનના ચાલાક હોય છે, તેઓનું દિલ ઈમાનથી ખાલી હોય છે અને જે ચીઝ ઝબાનથી બોલે છે તેમાં કોઈ હકીકત હોતી નથી. નબીએ આઅઝમના કલામે પાકને નાપાક કરનાર મુનાફિકોના હાલાત અને તેઓ ફિતરતને અલ્લાહતઆલાએ કુરઆને શરીફમાં તફસીલવાર બતાવી દીધી છે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ આ મુનાફિકો ઝિંદા રહ્યા અને પોતાના શયતાની ખયાલાતના ઝરીએ ગુમ્રાહીના આગેવાનો અને જહન્નમના રાહનુમાઓની આંખોમાં મહબૂબ થયા, કરીબ થયા, અસરો રૂસૂખ-રસાઈ પૈદા કીધી. **ગુમ્રાહીના આગેવાનો અને બનાવટી ઇમામોએ આ મુનાફિકોને ઝંડે ચઢાવા અને એમને અલગ-અલગ ઇલાકાઓના આમિલો તેમજ હાકિમો બનાવી દીધા.** હાથમાં ઈખ્તેયાર આવવાથી, માલી અને લશકરી તાકાત હાસિલ થાવાથી આ મુનાફિકો લોગો પર ઢાક જમાવવા લાગા, મિલ્કીયત પર કબ્ઝો કરવા લાગા, તમામ પર હાવી-મુસલ્લત થઇ ગયા, દનિયાની લઝઝતોમાં ડૂબી ગયા અને ખૂબ ઐશમાં પડી ગયા. આમ લોગોનો તો એ કાયદો છે જ કે તેઓ બાદશાહોને ખુશ રાખે, એની ગુલામી કરે અને દુનિયાની હવાનું રૂખ જ્યાં પલટાય તો તેઓ પણ સાથે થઇ જાય, મગર એ લોગો નહીં જે સાચી ચીઝ જાણે છે અને અલ્લાહનો તકવા રાખે છે. આ થઇ એક કિસ્મની વાત.

(૨) તે શખ્સ જેએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝબાનથી કલામને સાંભલા અને તેને બરાબર યાદ ન રાખા. બીજાને એ કલામ કહેવામાં એને ભૂલ કીધી પણ જાણી જોઈને નહીં. આ કલામ મુજબ પોતે અમલ કરે યા તેને સાંભલનાર અમલ કરે અને એમ માની લે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ જ મુજબ ફરમાવેલું છે. હવે લોગો એમ જાણી લે કે આ ખબર બયાન કરનારે ભૂલ કીધેલી છે તો તે ખબરને કુબૂલ ન કરે અને આ કલામ-ખબરને કહેનાર પણ જાણે કે ખુદનાથી ભૂલ થઇ છે તો એ અને એના સાથીઓ પણ ભૂલવાલા કલામ પર અમલ કરવાનું છોડી દે.

(૩) તે શખ્સ જેએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી એક વાતને સાંભલી કે આપ એને કરવાનો હુકમ કરે છે અને પછી એને ન કરવાનું કહ્યું હોય. આ પછીથી ફરમાવેલી વાતની તે શખ્સને ખબર ન હોય. યા એમ પણ બને કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ જે ચીઝને ન કરવાનું કહેલું હોય એ તે શખ્સે સાંભલું હોય અને એ ચીઝને કરવાનો હુકમ કીધો હોય એની તે શખ્સને ખબર ન હોય તો એને પહેલી વાતને યાદ રાખી અને પછીની વાતને નહીં. હવે તે શખ્સ આગલી-પાછલી બેવે વાતને જાણી લે તો જે કલામ રસૂલે મકબૂલે છેલ્લા ફરમાવા એ મુજબ અમલ કરે અને જે લોગોને એનાથી આ અધૂરી વાતને સાંભલી હોય તેઓ પણ સાચી વાતને જાણી સહી અમલ કરે.

(૪) તે શખ્સ જે ખુદા-રસૂલ પર બનાવટ-જૂઠ કરે નહીં, ખોટી વાતનો દુશ્મન હોય, અલ્લાહનો ખૌફ રાખતો હોય, દિલમાં રસૂલે પાક (સ.અ.વ.વ.) ની અઝમત હોય, કોઇ વકત પણ કલામે-નબવી બયાન કરવામાં ભૂલ કીધી ન હોય બલકે જે સાંભલું હોય એ જ મિસ્લ બરાબર યાદ રાખું હોય અને એ જ મિસ્લ પોતાની ઝબાનથી બીજા આગલ અદા કીધું હોય, ન તો તેમાં ખુદના તરફથી વધારો કીધો હોય, ન તો તેમાં કમી કીધી હોય, જે ચીઝ વાસ્તે રસૂલે પાકે આખિરી કલામ કહ્યા હોય એને યાદ રાખા હોય અને એ મુતાબિક જ અમલ કીધો હોય, જે અધૂરી વાતો હોય એનાથી દૂર રહ્યો હોય, **હદીસે પાકના મફહૂમ-માઅના-મતલબને સહી તૌરથી સમઝો હોય**, તેને પાછલના ઈશારા અને હાલાતથી વાકિફ થયો હોય, તો તે મોઅતબર માં મોઅતબર શખ્સ કહેવાય. આ મિસ્લના શખ્સને જ હક્ક છે કે એ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની હદીસોને બયાન કરીને લોગોને તે મુજબ અમલ કરવા પર આમાદહ કરે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કલામે શરીફની બે વજેહ-માઅના હોતી. ખાસ કલામ અને આમ કલામ. જે કલામ આમ હોતા તો એની સમઝ તો સાફ-સીધી હોતી કે બધા આસાનીથી સમઝી જાતા. મગર કોઇ ખાસ કલામને એવો શખ્સ સાંભલી લેતો જેને ઝરા પણ માઅરેફત ન હોય કે ખુદાઓ રસૂલનો એ કલામથી શું મકસદ છે યા કયા સબબથી એ કલામ અદા થયા છે એની સમઝ બિલકુલ ન હોય તો એ શખ્સ એ કલામને ઈન્સાફ નહીં આપી શકે, સહી માઅના બતાવવી તો દૂરની વાત છે મગર એ કલામને સહી તૌર પર યાદ પણ નહીં રાખી શકે ! આ તો એવી મિસાલ થઇ કે, લુહારના હાથમાં કલમ પકડાવી એનાથી કિતાબ લખાવવાની ઉમ્મીદ રાખવામાં આવે. **લુહારના હાથમાં હથોડાનો જ હક્ક છે અને કલમ, કાતિબના હાથમાં જ ઝીનત બખ્શે.**

**લુહારના હાથમાં હથોડાનો જ હક્ક છે અને કલમ, કાતિબના હાથમાં જ ઝીનત બખ્શે.**

આ બયાનીનો ખુલાસો એમ થઇ શકે કે, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ હદીસોના રિવાયત કરનારની ચાર કિસ્મ બયાન ફરમાવી, જેમાં પહેલી કિસ્મ તે મરદૂદ અને મલઊન લોગોની છે, મુનાફિકોની છે. જેઓએ અહલુલ બૈત (અ.સ.) ને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ગુઝરવા બાદ ઇઝા આપી, દરજાની તૌહીન-બેઇઝઝતી કીધી અને એમના હક્કને છીનવીને શરીઅતે મોહંમદી સાથે ખીલવાડ કીધો. આ લોગો હતા મૌલાના અલી (અ.સ.) ની વસાયત-વલાયતનો ઈન્કાર કરનાર, ખિલાફવરઝી કરનાર, તે બાદ બનુ ઊમય્યાહ, બનુ મરવાન, બનુ અબ્બાસ અને ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના બેવફા શાગિર્દોમાંથી તેઓ જે ઝાહિરના લોગોના ઈમામ તરીકે કાઈમ થયા. આખિરી કિસ્મ તે વફાશેઆર અસ્હાબે રસૂલ (રિ.અ.) ની છે જેઓ મૌલાના અલી (અ.સ.) ને વફાદાર રહ્યા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કલામને સીના દર સીના નકલ કરતા રહ્યા જેના શાહિદ ખુદ અઈમ્મતે તાહેરીન અને દોઆતે અકરમીન (આ.કુ.) રહ્યા છે. ઈમામે આલે મોહંમદ ઈમામુઝઝમાન (અ.સ.) ની હાઝરી જ હમારે નઝદીક અહાદીસે નબવીની અસલીયતની પહેચાન વાસ્તે કાફી છે, જેની તાઈદથી આજે નાઈબે ઈમામ સૈયદના સાહબ (ત.ઉ.શ.) તે કલામે નબવીથી હમને હિદાયત બખ્શે છે અને નજાત તરફ દાઅવત કરે છે. ★